Letter No: SJED/0527/01/2024 Dt: 24-01-2024

ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમના હંગામી મહેકમ
અને આઉટસોર્સની જગ્યાઓ ચાલુ રાખવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક: SJED/GTA/e-file/17/2022/3207/A Section
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૩/૦૧/૨૦૨૪

**વંચાણે લીધાં:**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા: ૨૨/૦૬/૨૦૨૩ નો સમાનાંકી ઠરાવ
(૨) ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમનો તા:૩૦/૧૧/૨૦૨૩નો પત્ર ક્રમાંક: ગુઠાકોવિનિ/મકમ/૨૦૨૩-૨૪/૧૩૪૬૧-૧૩૪૬૨

**આમુખ:**

આ વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૧) ના ઠરાવથી ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ, ગાંધીનગરના હંગામી મહેકમની કુલ ૧૪ જગ્યાઓને તા.૨૯/૦૨/૨૦૨૪ સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવેલ છે. ઉક્ત મુદત પૂર્ણ થનાર હોઈ વંચાણે લીધા ક્રમાંક (૨) ના પત્રથી ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ, ગાંધીનગરના હંગામી મહેકમની કુલ ૧૫ જગ્યાઓને તા.૨૮/૦૨/૨૦૨૫ સુધી ચાલુ રાખવા નિગમ દ્વારા દરખાસ્ત કરવામાં આવેલ છે, જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

સક્ષમ કક્ષાએ થયેલ પુખ્ત વિચારણાને અંતે, ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ, ગાંધીનગરના હંગામી મહેકમની નીચે મુજબની કુલ ૧૫ જગ્યાઓને આ ઠરાવમાં દર્શાવ્યા મુજબની શરતોને આધીન તા.૨૮/૦૨/૨૦૨૫ સુધી ચાલુ રાખવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

**હંગામી જગ્યાઓ:**

| ક્રમ | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા |
|---|---|---|
| ૧ | મેનેજીંગ ડિરેક્ટર (વર્ગ-૧) | ૧ |
| ૨ | સમાજ કલ્યાણ અધિકારી (વર્ગ-૨) | ૧ |
| ૩ | હિસાબી અધિકારી (વર્ગ-૨) | ૧ |
| ૪ | કચેરી અધીક્ષક (વર્ગ-૩) | ૧ |
| ૫ | જુનિયર કલાર્ક (વર્ગ-૩) | ૧ |
| ૬ | કલાર્ક કમ કોમ્પ્યુટર ઓપરેટર | ૪ |
| ૭ | પ્રોજેક્ટ કન્સલ્ટન્ટ | ૧ |
| ૮ | વસુલાત અધિકારી | ૧ |
| ૯ | મેનેજીંગ ડિરેક્ટરશ્રીના ડ્રાઈવર | ૧ |
| ૧૦ | પટાવાળા | ૩ |
| | કુલ | ૧૫ |

**શરતો:-**

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ ની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામા આવતી ગ્રાન્ટની મર્યાદામા કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનુ રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષને આખરે સરેન્ડર કરવાની રહેશે.

(૬) વર્ગ-૩ ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઈ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણાં વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬ થી અમલી બનેલ ફીક્સ પગારની નીતિ અને નાણા વિભાગના તા.૨૮/૦૩/૨૦૧૬ ના ઠરાવથી નિયત થયેલ બોલીઓ અને શરતો અનુસાર અને તેમાં વખતો વખત થયેલ જોગવાઈઓ પ્રમાણે ભરવાની રહેશે.

(૭) જે તે જગ્યાઓના પગાર-ધોરણો આર.ઓ.પી.-૨૦૧૬ પ્રમાણે છે કે કેમ તે ખાતરી કરી લેવાની રહેશે.

(૮) સીધી ભરતીથી નિમણૂક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂક મળ્યા બાદ નાણાં વિભાગના તા.૧૮/૦૩/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંક: નપન/૨૦૦૩/જીઓઆઇ/૧૦ (પા.ફા) ની જોગવાઈ પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા તા.૦૧/૦૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધિત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે.

(૯) નાણાં વિભાગના તા.૨૭/૦૬/૨૦૨૩ ના ઠરાવ ક્રમાંક: **FD/ZMR/e-file/4/2023/0336/Z1** તથા અન્ય વખતોવખતની તમામ આનુષાંગિક સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૦) એબેયન્સમાં મૂકવામાં આવેલ જગ્યાને ભરતા પહેલા વિભાગ મારફતે નાણા વિભાગનો પરામર્શ કરી, અબેયન્સમુકત કરાવી લેવાની રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૧૬/૦૧/૨૦૨૪ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

હરિત આર. દોશી
સેક્શન અધિકારી
સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ), સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ, બ્લોક નં-૧૬, ભોંયતળીયે, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર (ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ, ગાંધીનગર મારફત)
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ- વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવાની વિનંતી સહ...
- શાખા સિલેક્ટ ફાઇલ.
- નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ.

Signature valid
Signed by:H R Doshi
Section Officer
Date: 2024.01.25
11:22:27 +05:30


*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*